નમસ્કાર ગાંધીનગર

પમરાટ

હતાં ભાંગવાનાં સઘળા ભ્રમ ભાંગી શક્યો નહી,
ના માંગવાનું માંગ્યું, માંગવાનું માંગી શક્યો નહી.

ના કરવાનાં વ્યર્થ હું કામો સઘળા કરતો રહ્યો છું,
ઈશ્વર તારાં કાર્યમાં હું ક્યારેય લાગી શક્યો નહી.

શ્રેષ્ઠ માનવ દેહ મળ્યો પણ માનવતાં હું ભુલ્યો,
ક્રોધ, મોહ, ઈર્ષા, કપટથી દૂર ભાગી શક્યો નહી.

સીધું ને સરળ જ હતું જીવન પણ અઘરું મેં કર્યું,
દોડતાં રહેતાં સમય સાથે તેથી તાગી શક્યો નહી.

અહમની ઓઢી ચાદર "શ્યામ" ઊંઘતો જ રહ્યો,
જાગવું જરૂરી હતું ત્યારે પણ જાગી શક્યો નહી.

શ્યામ ગોયાણી.

પાથેય

- રમેશ ઠક્કર

સમયની સાથે તો જગત આપણી સાથે !

સમય અને ભરતી કોઈની રાહ જોતાં નથી.જે લોકો સમયની કિંમત સમજે છે એને જ જીવનની કિંમત સમજાય છે.પૈસા કે સંપત્તિથી બધું જ ખરીદી શકાય છે..સમય ખરીદી શકાતો નથી.ઈશ્વર બધાને એકસરખી માત્રામાં સમય આપે છે.ધનવાન માણસનો દિવસ? ચાલીસ કલાકનો અને ગરીબનો વીસ કલાકનો એવું હોતું નથી.સમયની બાબતમાં બધા સમાન છે.એનો? ઉપયોગ કરનારની આવડત સમયને મૂલ્યવાન કે? મૂલ્ય વિહિન બનાવે છે.માણસ.ખોટી રીતે એને? વેડફી નાખતો હોય છે અને? પછી મુશ્કેલીમાં મુકાય તો કહે છે કે મારો સમય ખરાબ? છે !

એક સરસ ઉદાહરણ હમણાં વાંચવામાં આવ્યું.એક યુવાન નદીને કિનારે અજવાળું થવાની રાહ જોતો બેઠો હતો.એને સામે કિનારે જવું હતું. પરંતુ હજુ ભળભાખળું થયું ન હતું. સૂર્યોદયની રાહ જોતાં જોતાં તેના પગ નીચે કંઈક અથડાયું.એક મોટો થેલો એના પગ નીચે પડ્યો હતો.અને એમાં પથ્થર ભરેલા હતા.યુવાને કિનારે બેઠા બેઠા થેલામાંથી એક પથ્થર નદીમાં નાખ્યો.ચારે બાજુ નીરવ શાંતિ હોવાને કારણે નદીના પાણીમાં પથ્થર પડવાનો સરસ અવાજ આવ્યો.એને? મજા પડી ગઈ.સમય પસાર કરવાનો જાણે ઈલમ મળી ગયો.યુવાને નવરા બેઠા બેઠા થેલામાંથી બધા જ પથ્થર વારાફરતી નદીમાં નાખ્યા,અને તેના મધુર ધ્વનિથી ખુશ થતાં થતાં સવાર પડવાની રાહ જોતો રહયો..

સવાર પડતાંની સાથે જ તેની નજર બાકી રહી ગયેલા એક બે પથ્થર ઉપર પડી.અરે ! આ કોઈ સામાન્ય પથ્થરો ના હતા.એ તો ખૂબ કિંમતી એવાં સુંદર રત્નો હતાં ! યુવાનને ખૂબ પસ્તાવો થયો.સુંદર અવાજ સાંભળવાના મોહમાં એણે કેટલાં બધાં કિમતી રત્નો કોઇ નાખ્યાં ? હવે વસો કરવાનું કોઈ કારણ ન હતું કેમકે ગયેલો સમય ક્યારે કોઈને પાછો મળતો નથી.

આપણે સૌ જાણે જાણે આવું જ કરતા રહીએ છીએ.જીવનના નાનાં નાનાં સુખો કે નાની નાની ખુશીઓ માટે આપણે કિંમતી સમય વેડફી નાખીએ છીએ.અને એ રીતે જીવનથી જાણે છૂટકારો પામવા મથતા રહીએ છીએ.આપણે જ્યારે બધું ગુમાવી બેસીએ છીએ અને જીવનના એવા તબક્કે પહોંચીએ છીએ કે જ્યારે એક એક પળ આપણને ફરીથી જીવવા મળે એવી અભિપ્સા થાય છે.જીવન જો ફરીથી જીવવા મળે તો?આપણે એનો બરાબર ઉપયોગ કરી શકીએ એવો વસવસો પણ થાય છે.પરંતુ વીતેલો સમય કોઈને પાછો મળતો નથી.જે માણસ સમયને વેડફે છે એ કોઈને કોઈ તબક્કે પસ્તાય છે.દિવસોને રીવાઈન્ડ કરી સમયને? પાછો બોલાવી શકાય એવી કોઈ વ્યવસ્થા ઈશ્વરની રચનામાં હોતી નથી ! સમય બળવાન હોય છે એમ કહેવાયું છે.. સાથે જ નહીં મનુષ્ય બળવાન એવું પણ કહેવાયું છે ! પરંતુ એ બળવાન સમયને નિર્બળ લાગતો મનુષ્ય યોગ્ય રીતે સમજી ઉપયોગ કરી શકે તો એની નિર્બળતા મોટી સિદ્ધિમાં પરિણમતી હોય છે.!

મરકમરક હસાવતી મુલ્લાં નસરુદ્દીનની દુનિયા...

જગતમાં કેટલાંક પાત્રો અમર બની જાય છે.લોકહૃદયમાં આપોઆપ સ્થાન પામે છે.આવાં પાત્રો મોટાભાગે સર્જકની કલ્પનાશક્તિના ફળ સ્વરૂપે મળતાં હોય છે.લેખકના માનસસંતાનો જેવાં પાત્રો ઘણીવાર લેખકની લોકપ્રિયતા કરતાં પણ વધારે ઉચ્ચ સ્થાને પહોંચી જાય છે! આપણે ત્યાં ખૂબ જ પોપ્યુલર ટીવી સીરીયલ તારક મહેતાકા ઉલ્ટા ચશ્માનાં પાત્રો લોકોના હૃદયમાં સ્થાન પામી ચુક્યાં છે.તારક મહેતાનો ટપુડો સાહિત્ય સ્વરૂપે અને આધુનિક ટીવી સીરીયલના પાત્ર સ્વરૂપે પણ લોકોમાં નટખટ કિશોર તરીકે યાદગાર પાત્ર બની ગયું છે.હાસ્ય અને રમૂજની દુનિયામાં બિરબલ અને તેની વાતો જાણીતી છે.આપણે નાનપણથી,વૃદ્ધાવસ્થા સુધી અનેક વાર એની વાતો સાંભળતા આવ્યા છીએ. મઆવાં પાત્રો માત્ર કાલ્પનિક જ હોય છે એવું નથી હોતું. ઘણીવાર ભૂતકાળમાં કોઈક એવું પાત્ર થઈ ગયું હોય જે સમય જતાં કલ્પના અને વાસ્તવને અતિક્રમીને લોકહૃદયમાં સ્થાન પામી જતું હોય છે.આંતરરાષ્ટ્રીય કક્ષાએ જોઈએ તો આવું જ એક નામ એટલે મુલ્લાં નસરુદ્દીન.રમૂજની દુનિયામાં એનો જવાબ નથી.હાજરજવાબીપણું, ત્વરિત જવાબ,ચબરાકી અને સાથે જ સહજ રીતે જીવનની ફિલસૂફી કહી દેવાની એની છટા અને સંવાદ સૌ કોઈને સ્પર્શી જાય છે.અરેબિયન નાઈટ્સની વાર્તાઓ જે રીતે આપણા સૌના બાળપણમાં એક સમૃદ્ધ વારસો બનીને આનંદ આપી જતાં એ જ રીતે મુલ્લાં નસરુદ્દીનના પ્રસંગો અનેક વરસો પછી આજે પણ આપણને આનંદની સાથે જીવનના કોઈ ગર્ભિત સત્યની ઝાંખી કરાવી જાય છે..

કોણ હતા મુલ્લા નસરુદ્દીન ? એમનું વતન કયું?એ કોઈ ફિક્શન પાત્ર છે કે ખરેખર થઈ ગયેલ વ્યક્તિ?અનેક દેશોમાં એ લોકપ્રિય છે.કાયમ ગધેડા ઉપર સવાર,પોતાની ચિત્રવિચિત્ર વેશભૂષાથી સજ્જ અને ચહેરા ઉપર રમૂજના ભાવો હોય એ? એનો બાહ્ય સ્વરૂપ છે પરંતુ એના ભીતરમાં અનેક અજાયબીઓ પડી છે એવું એમને વાંચતાં લાગે.

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

આબાલવૃધ્ધ સહુ એમના જીવનપ્રસંગો વાંચીને કે સાંભળીને મરકમરક હસી શકે છે.એક માન્યતા મુજબ એ લગભગ તેરમી સદીમાં હાલના તૂર્કીમાં થઈ ગયેલ એક ફિલોસોફર હતા.કેટલાકના મતે એ ચીનમાં થઈ ગયેલ જોકર છે..ઘણા એને સોક્રેટિસ જેવો ગહન ફિલોસોફર માને છે.જે રોજિંદા જીવનની નાની નાની ઘટનાઓમાંથી અદભૂત સાર કાઢી આપે છે.મુલ્લા નસરુદ્દીન કોઈપણ પ્રદેશના લોકોને પોતાનું જ કેરેક્ટર લાગે છે.એમના પ્રસંગો વાંચી એવું પણ લાગે કે આપણા સહુમાં જાણેઅજાણે એના જેવો કોઈ માણસ? વસેલો છે.એની બાઘાઈ કે મૂર્ખામી આપણી પોતાની જ લાગે..એની ઢગલાબંધ વાતો છે..એ સાચી હશે કે કાલ્પનિક એ કહી શકાય એવું નથી.. પરંતુ એ એટલી રસપ્રદ હોય છે કે લોકો એની સત્યતા જાણવાની તાલાવેલી પણ રાખતા નથી.ઘણા લેખકો કે વક્તાઓ પોતાને કોઈ અસરકારક વાત કરવી હોય તો આ પાત્રના નામે કરે છે..આ એક વિરલ પાત્ર છે જે ક્યારેય વૃદ્ધત્વ પામ્યું નથી.. મુલ્લા નસરુદ્દીનની કેટલીક પ્રચલિત વાતો જાણી મરકમરક હસી લઈએ..

મુલ્લા નસરુદ્દીન રાત્રે ચાલતા ચાલતા જઈ રહ્યા હતા.
ત્યાં એમને તરસ લાગી, અને કૂવો જોયો .
કૂવા પર ડોલ અને દોરડું તૈયાર જ હતા.
મુલ્લાએ તો ડોલ કૂવામાં નાંખી ,
ત્યાં કૂવામાં પુનમના ચંદ્રનું પ્રતિબિંબ જોયું ને
મુલ્લા ચિંતામાં પડી ગયા,
" અરે, ચાંદો બિચારો કૂવામાં પડી ગયો લાગે છે, ચાલ, પાણીમાંથી એને આ ડોલમાં લઈને બહાર કાઢું."
ચન્દ્રનું પ્રતિબિંબ જેવું ડોલમાં આવ્યું કે જોર દઈને ડોલ ખેંચવા ગયા ત્યાં દોરડું તૂટી ગયું, મુલ્લા ચત્તાપાટ પડયા.....
ને પડયા પડયા આકાશમાં ચન્દ્ર દેખાયો એટલે કહે,
" ચાલો, હું પડી ભલે ગયો પણ ચન્દ્રને તો બહાર કાઢ્યો! "

●●●

એક વાર મુલ્લાં નસરુદ્દીન પાસે મિત્રે આવીને કહ્યું:'મને તારો ગધેડો થોડાક સમય માટે આપ. હું તને થોડાક વખતમાં એ પાછો આપી દઈશ.'મુલ્લા એ માટે તૈયાર નહોતો. એણે મિત્રને જણાવ્યું:'મારો ગધેડો ઘરમાં નથી.'બરાબર એ જ વખતે વાડામાંથી ગધેડાએ ભૂંકવાનું શરૂ કર્યું. મિત્રે નસરુદ્દીનને કહ્યું :'ગધેડો ભૂંકે તે મને સંભળાય છે અને તું મને કહે છે કે એ ઘરમાં નથી. આ તે કેવી વાત છે ?'મૂલ્લાએ જવાબમાં કહ્યું :'તું મારી વાત માનશે કે ગધેડાની?'

નસરુદ્દીન સૂફી ઑલિયો હતો અને એના રમુજી ટુચકાઓને કારણે આજે પણ અત્યંત લોકપ્રિય છે. ઈદરીસ શાહ જેવા સૂફી વિદ્વાને પણ નસરુદ્દીનનાં ટુચકાઓ પાછળ રહેલી સમજણને તત્વજ્ઞાનના સંદર્ભે બિરદાવી છે.

●●●

મુલ્લા નસરુદ્દીન પોતાના ભત્રીજાને પોતાના સંસ્મરણો કહી રહ્યા હતાં.

એક વખત હું જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ૧૦ વરુઓએ મને ઘેરી લીધો. પ ને તો મેં ત્યાં જ મારી નાખ્યા.

ભત્રીજાએ મુલ્લાને વચ્ચે જ રોકીને કહ્યું : ગયા વખતે તો તમે મને ૫ વરુ હતા એમ કહેલું.

મુલ્લા : ત્યારે તું નાનો હતો. આટલી ભયંકર વાત સાંભળીને તું ડરી જતો. તારી એટલી યોગ્યતા નહોતી.

આ વાતનો બોધ એ કે જેમ જેમ જૂઠ સાંભળનારની ક્ષમતા વધતી જાય છે તેમ તેમ જૂઠ બોલનારની જૂઠ ની માત્રા અને આત્મવિશ્વાસ વધતો જાય છે.

●●●

મુલ્લા નસરુદ્દીન તેની કોઈપણ વાતમાંથી આશાવાદ શોધવાની ટેવથી તેના મિત્રોનુ મગજનુ દહીં કરી નાખતો હતો. પરિસ્થિતિ ગમે તેવી હોય તો પણ એ હંમેશા કહેતો 'આનાથી પણ વધારે ખરાબ થઈ શકે છે'.

તેની આ ટેવ છોડાવવા માટે તેના મિત્રો એવી પરિસ્થિતિની શોધમાં હતા કે જેથી નસરુદ્દીન તેમાંથી કોઈ આશાવાદ ના શોધી શકે.

એક દિવસ નસરુદ્દીન બારમાં બેઠો હતો ત્યારે તેનો એક મિત્ર તેની પાસે ગયો અને કહ્યું ' મુલ્લા, માઈકલ સાથે બન્યું તે સાંભળ્યું ? કાલે રાત્રે જ્યારે તે ઘરે આવ્યો ,તેની પત્નીને બીજા સાથે જોઈ, બંન્નેને ગોળી મારી પોતાને ગોળી મારી લીધી.'

'ભયંકર ' મુલ્લા બોલ્યો ' પરંતુ આનાથી પણ વધારે ખરાબ થઈ શકે છે '

મિત્રનો પિત્તો ગ્યો..'શું મુલ્લા હવે આનાથી વધારે ખરાબ શું થઈ શકે ?!'

'સાંભળ' નસરુદ્દીન બોલ્યો ' જો આ ઘટના એક દિવસ પહેલા બની હોત તો આજે હું તારી સામે ન બેઠો હોત !'.

●●●

એક દોલતમંદ ઈન્સાન બેસુમાર દોલત હોવા છતાં દુઃખી હતો. કોઈ વાતની કમી નહોતી, છતાં સુખ નહોતું, શાંતિ નહોતી. મનમાં ચેન નહીં , આંખમાં નિદ્રા નહીં.

તેની આલીશાન મહાલયની અટારીમાં તે ફરી રહ્યો હતો. ફરતાં – ફરતાં તેની નજર નીચે ગઈ. રસ્તા પાસે ફૂટપાથ પર એક ફકીર હાથનું ઓશીકું બનાવી ઘસઘસાટ ઊંઘી રહ્યો હતો. દોલતમંદને નવાઈ લાગી : નથી પાથરવા, નથી ઓઢવા, અરે , નથી ઓશીકું અને છતાં કેવો ગહરી નીંદમાં સૂતો છે ! સવાર પડ્યું એટલે ફકીરને મહાલયમાં બોલાવવામાં આવ્યો, યોગ્ય આદરસત્કાર કરવામાં આવ્યો. શ્રીમંતે આવી પૂછયું , ''તુમ્હારા સોના દેખકર મુઝે તાજુબ હો રહા હૈ. ઐસી ગહરી નીંદ કૈસે તુમ્હે નસીબ હુઈ ? '' ફકીરે કહ્યું, '' તુમ કો ખુદાને વહ -સોના- દિયા હૈ તો હમકો યહ – સોના-દિયા હૈ.''

આવો જ અજંપાથી ત્રાસેલો એક દુઃખી દોલતમંદ હાથમાં સોનામહોરની નાની થેલી લઈ ફર્યા કરતો અને કહેતો , ''જે કોઈ મને સુખી કરશે તેને હું આ થેલી ભેટ આપીશ. મને સુખનો અનુભવ કરાવો.''

કોઈ માણસે સલાહ આપી : ''એમ કરો, મુલ્લા નસરુદ્દીન પાસે પહોંચી જાઓ. એ એક એવી હસ્તી છે કે તમારી સમસ્યા હલ કરી શકે.''

અનુસંધાન પાના નં. ૭ પર

સાપ્તાહિક રાશિફળ (તા. ૦૩-૦૬-૨૦૨૩ થી તા. ૦૯-૦૬-૨૦૨૩ સુધી)

૧. મેષ રાશિ (અ.લ.ઈ.)

આ સપ્તાહ આપના માટે મિશ્ર ફળદાયક રહેશે. ચામડીના રોગોથી બચવું. આર્થિક દૃષ્ટિએ આપના ચાતુર્યપૂર્ણ દૃષ્ટિકોણથી કરેલ કામ આવકમાં ખૂબ વધારો કરાવશે. સ્થાયી સંપત્તિના વૈભવમાં વધારો થાય. દાંપત્ય જીવન ઉદ્વેગપૂર્ણ રહે. ભાગ્યોદય થાય. જો કે કોઈ આકસ્મિક કારણે લાભને બદલે હાનિ થઈ શકે. સંતાનના પ્રશ્નો ઊભા થાય.વિદ્યાભ્યાસમાં આવેલ પરિણામથી સંતાન અંગે ચિંતા થાય. શેર સટ્ટાકીય કામમાં પણ વિચારીને નિર્ણય લેવો. નોકરિયાત માટે સમય સાનુકૂળ નથી.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.)

આ સપ્તાહ આપને માટે સામાન્ય અનુકૂળ, ફળદાયક સમય લઈને આવ્યું છે. અગાઉ ગેરસમજ થઈ હશે તેવા સંબંધો સુધરશે. આપનો ઉત્સાહ અને પરાક્રમ વધે. આરોગ્યની કાળજી લેવી. પેટના દર્દ ઊભા થાય. લોન લેવાની હોય તો વિલંબ થઈ શકે. આર્થિક દૃષ્ટિએ સમય સામાન્ય રહેશે. નવા ધંધા ન કરવા. સંપત્તિમાં વધારો કરવા આગળ વધી શકાય. દાંપત્યજીવનમાં સુમેળ પૂર્ણ વાતાવરણ રહે. યાત્રાઓ થાય. ભાગ્યોદય થાય. ધાર્મિક કાર્યો થાય. નોકરીમાં સાચવવું. વિદ્યાર્થી માટે પરિણામો લાભદાયક.

૩. મિથુન રાશિ (ક. છ. ઘ.)

આ સપ્તાહ આપને માટે રાહતકારી રહેશે. જે સમસ્યાઓમાંથી છૂટકારો મેળવવા માગો છો. તે સૌનો નિકાલ થવાનો સમય આવશે. ખર્ચ પણ નિયંત્રણ આવશે. કેરિયરની દૃષ્ટિએ સમય ઉત્તમ છે. વૈભવમાં વધારો થાય. સંતાન અંગે પ્રશ્નો ઊભા થાય. દાંપત્ય જીવન આનંદમય પસાર થાય. મકાન, વાહન, જમીન અંગે નવું આયોજન વિચારી શકાય. વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ અંગે ધાર્યુ પરિણામ મળે. સફળતા મળે. નોકરિયાત વર્ગ માટે વિવાદિત પ્રશ્નોમાં રસ ન લેવો. સહકારપૂર્ણ વ્યવહાર કરવો.

૪. કર્ક રાશિ (ડ.હ.)

આ સપ્તાહ આપને મિશ્ર ફળદાયક રહેશે. સમયાનુકુળ વર્તન રાખવું. સકારાત્મક રહેવું. પારિવારિક સુખમાં વધારો થાય. બિનજરૂરી ખર્ચ ર નિયંત્રણ રાખવું. અન્યથા સ્થિતિ સમય અનુકૂળ નથી. સુખ-વૈભવ અને આનંદદાયક સમય પસાર થાય. મકાન, વાહન, અંગે સમય યથાવત રહેશે. લોન અંગેના કામ થાય. દાંપત્યજીવન સુખમય જાય. નાની યાત્રાઓ થાય. અકસ્માતથી ચેતવું. વ્યવસાયમાં નુકશાન થાય તેવા કામો ન કરવા. નોકરીમાં ફાયદો થાય. વિદ્યાર્થી માટે કારકિર્દી માટે દોડધામ રહે.

૫. સિંહ રાશિ (મ.ટ.)

આ સપ્તાહ આપને અનુકૂળતા ભર્યું પસાર થાય. હિતકારક નિર્ણય લેવાય. પારિવારિક સુખ પ્રાપ્ત થાય. માંગળિક કાર્યક્રમનું આયોજન થાય. યાત્રા સંભિત છે. આર્થિક દૃષ્ટિએ અનુકૂળ સમય છે. જો કે ખર્ચમા વૃદ્ધિ થવા સંભાવના છે. નોકરી દૃષ્ટિએ પૂર્ણ સમય અનુકૂળ છે. ભાગીદારી પણ સાનુકૂળ રહેશે. સંતોનો અનુભવ થાય. સરકારી વિભાગોમાં કામગીરીમાં રાહત રહે. નેતૃત્વના અવસર મળે. વિદ્યાર્થી માટે વિદેશમાં અભ્યાસના કામો થાય. નોકરીમાં પગાર વધારો થાય.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.)

આ સપ્તાહ આપને અગાઉની સમસ્યાનો ઉકેલ મળી શકે છે. વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત થવાના યોગ છે. પારિવારિક વાતાવરણ પણ અનુકૂળ રહેશે. પરિવાર જનોથી સહયોગ મળે. આર્થિક દૃષ્ટિએ સમય ઉતાર ચઢાવનો રહેશે. જોખમપૂર્ણ નાણાંકીય રોકાણ ન કરવું. મહત્ત્વપૂર્ણ કામ થાય. જાવક વધી શકે. માતાની કાળજી લેવી. સંતાનના પ્રશ્નો ઉભા થાય. દાંપત્ય જીવનમાં સામાન્ય સમય. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ન પૂરું થાય.નોકરીમાં પ્રમોસનનો સમય છે.

૭. તુલા રાશિ (ર.ત.)

આ સપ્તાહ આપને માનસિક ઉચ્ચાટ રહે. જો કે નાણાંકીય સ્થિતિમાં સુધાર આવે. ભાઈ ભાંડુનો સહકાર મળે. પરાક્રમી બનો. સંતાનના કામ માટે દોડધામ થાય. દાંપત્યજીવન પરિવારમાં ખટરાગ ઊભો થઈ શકે. નાની યાત્રાઓ થાય. ધંધા વ્યવસાય માટે શ્રેષ્ઠ સમય છે. જોખમપૂર્ણ રોકાણ ન કરવું. વિદ્યાર્થી માટે અભ્યાસમાં પ્રગતિજનક સમય છે. મનોકામના પૂર્ણ થાય. સંપત્તિ અંગે સાનુકૂળતા ભર્યો સમય છે. નોકરીયાત માટે પ્રગતિ વધે પ્રમોશન મળે.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.)

આ સમય આપને સાવધાની રાખવા ચેતવી રહ્યો છે. કાર્યોને અધૂરા છોડવાની વૃત્તિ રાખવી પડશે. ઉતાવળથી નિર્ણય ન લેવા. વ્યવસાયમાં આર્થિક હાનિ કે ચોરીની ઘટના બની શકે.સતર્ક રહેવું પડે. મકાન, વાહન, અંગે થોભો અને રાહ જુઓ. દાંપત્ય જીવનમાં ગંભીરતા રાખવી. ભાવનાઓ અને ઈચ્છાઓનું ધ્યાન રાખવું. જોખમપૂર્ણ કામો મુલત્વી રાખવા. નોકરિયાત માટે મિશ્ર સમય પસાર થાય. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશગમન થઈ શકે.

જ્યોતિષાચાર્ય
વિષ્ણુભાઈ વૈષ્ણવ

૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)

આ સપ્તાહ મિશ્રફળ પ્રાપ્ત થાય. આ સમયમાં ધીરજ રાખવી પડશે ને સમસ્યાનુંનિરાકરણ કરવુંપડશે. વિજય પ્રાપ્તિ સંભવ છે. કોર્ટ કેસ ચાલતો હશે તો વિજય થઈ શકે. લાભ પ્રાપ્ત થાય વાહન વગેરે ચલાવતા સાચવવું. ભાગ્યોદય થાય. દાંપત્ય જીવન શાંતિમય પસાર થાય. ભાઈભાંડુથી વિવાદ થઈ શકે. પડોશી સાથે અણબનાવ ન થાય તે જોવું. વિદ્યાર્થીઓ માટે આગળ અભ્યાસ માટે ખૂબ જ દોડધામ થાય. નોકરિયાત માટે બદલી થઈ શકે. વતનથી દૂર જવાનું થાય. પરંતુ આર્થિક ફાયદો થાય.

૧૦. મકર રાશિ (ખ.જ.)

આ અઠવાડિયું આરોગ્ય સારું રહેશે. વધુમાં ઉત્સાહ અને પરાક્રમમાં વધારો થશે. આવકના ક્ષેત્રે અવરોધ આવી શકે છે. પરિવારથી સામાન્ય સંબંધ રહેશે. મકાન, વાહન, જમીનના પ્રશ્નો અંગે ઘણી વિચારણા કરી આગળ વધવું. સંતાન તરફથી સહકાર મળશે. આજ્ઞાનું પાલન કરશે. દાંપત્ય જીવનમાં પ્રેમભાવનામાં વધારો થાય. વ્યવસાયમાં કોઈ પ્રકારનો ફેરફાર ન કરવો. શુભતા પ્રાપ્ત થાય. વિદ્યાર્થી માટે ધાર્યું પરિણામ મળતાં ઉચ્ચ અભ્યાસમાં આગળ વધી શકાય. નોકરીમાં શુભ સમય.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ)

આ સપ્તાહ આપનો સમય વધુ શુભત્વ આપનાર રહેશે. સમસ્યાનું નિરાકારણ આવશે. અધ્યયન અને અધ્યાપન રૂચિ વધશે. આપ આર્થિક દૃષ્ટિએ લાભાલાભ અંગે ઉચાટમાં રહેશો. આવક-જાવક સમતોલન રહેશે. માનસિક વ્યગ્રતા ઉચાટ રહેશે. ભાઈભાંડુ સ્નેહીનો સહકાર મળે. મકાન વાહન સુખાકારી વધે. દાંપત્ય જીવન સુખમય રહે. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસ અર્થે સફળતા. નોકરીમાં બઢતી મળે.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.)

આ સપ્તાહ આપને સમય આનંદમય અને ખુશીઓ સાથેનો રહેશે. ઉત્સાહ પણ વધશે. આળસ અને નિષ્ક્રિયતા ઓછી થાય. જેથી નવા કાર્યોમાં સક્રિય થશો. જો કે નાણાંકીય સ્થિતિ ડામાડોળ બને. જમીન મકાન ખરીદીકરવા ઈચ્છતા હોવ તો સફળતા મળે. પરિવારમાં કલહ થાય. નાની યાત્રાઓ થાય. શેર-સટ્ટામાં વિચારીને આગળ વધવાથી સફળતા મળે. અકસ્માતથી બચવું. વ્યવસાયમાં મહેનત વધે. નોકરીમાં શુભ સમય. વિદ્યાર્થી માટે નવું શૈક્ષણિક આયોજન થાય.

મો. ૯૮૨૪૪૭૪૩૫

આ સપ્તાહના તહેવારો

તા. ૦૩-૦૬-૨૩ વ્રતની પૂનમ
વટ સાવિત્રી વ્રત સમાપ્ત
તા. ૦૪-૦૬-૨૩ કબીર જયંતિ
તા. ૦૭-૦૬-૨૩ સંકષ્ટ ચતુર્થી

જીવવાનું અઘરું છે, પણ મરવા જેટલું અઘરું નથી

આ જગત આપણી મરજી મુજબ અને આપણે કહીએ તે પ્રમાણે ચાલવું મુશ્કેલ છે. જીવનમાં ઘણા એવા પ્રંસગો છે જે સીધા ઉતરતા નથી અને તે સીધા ઉતરે તે માટે ભગવાન પાસે પ્રાર્થના અને મહેનત જરૂરી છે. બધો આધાર ઈશ્વર પર હોય છે તેવી પ્રાર્થના અને બધો આધાર તમારા પર છે તે રીતે મહેનત કરવામાં આવે તો જે મહેનતું છે તે અથડાતો-પછડાતો પણ છેવટે પોતાની મંઝિલે પહોંચે છે. વિજળીના બલ્બની શોધ કરનાર થોમસ આલ્વા બેભાન બની જાય ત્યાં સુધી કામ કરતા હતા. તેમનું એક સુંદર વાક્ય છે કેઃ '' જીનિયસ એટલે એક ટકા પ્રેરણા, નેવું ટકા પરસેવો.''

જીવનની હારને સફળતા સાથે સરખાવતા થોમસ આલ્વા એડિસનું બીજું એક પ્રેરણાદાયી વાક્યઃ ''જીવનથી હારી ગયેલા લોકોને ખ્યાલ નથી હતો કે જ્યારે તેઓ હાર માની ગયા ત્યારે તેઓ સફળતાની કેટલા નજીક હતા." મોલિયેર પંડે કે જેઓ ફ્રેંચ નાટ્યકાર હતાં. તેમના કોમેડી નાટકોથી આખા જગતને તેઓ હસાવતા હતા. એક વખત એમને એવું લાગતું હતું કે પોતાને કોઈ રોગ લાગું પડ્યો છે. આ બાબત તેમણે ડૉક્ટરને જણાવતાં ડૉક્ટરે કહ્યું કે '' તમને કશો રોગ નથી. ચિંતા કર્યા કરવાની આદત પડી લાગે છે ! ફિકરની ફાકી કરી જાઓ, એ જ દવા. મોલિયેરનાં કોમેડી નાટકો જોતા રહો, એટલે ખડખડાટ હસીને તમે ખુશમિજાજ થઈ જશો.'' ડૉક્ટરની આ વાતથી જરા અચંબામાં પડી ગયા અને એમને લાગ્યું કે જો મારા નાટકો જોવાથી ભલભલાની ચિંતા- ફિકર દુર થઈ જતી હોય અને હું જ મુર્ખ છું જે રોગ રોગ કરી ડૉક્ટર પાસે આવ્યો છું. તેમણે ડૉક્ટરને કિધું કે '' દાકતર સાહેબ, હું જાતે જ મોલિયેર છું'' કવિ મનોજ ખંડેરિયાની એક કવિતા આ વાતને સમર્થન કરે છે. 'જે શોધવામાં જીંદગી આખી પસાર થાય ને એ જ હોય પગની તળે એમ પણ બને.'

ડોરોથી પાર્કર ન્યુ યોર્ક સ્થિત અમેરિકન કવિ, લેખક, વિવેચક અને વ્યંગકાર હતાં. તેણીનું બાળપણ ખુબ દુઃખ દાયક હતું. ચાર વર્ષની ઉંમરે માતાનું છત્ર ગુમાવેલું અને ત્યાર બાદ થોડા વર્ષોમાં તેની સાવકી માતા અને પિતાનું મૃત્યુ થયેલ. કાકાની છત્રછાયામાં ઉછરેલી ડોરોથી પાર્કરે ૨૨ વર્ષની ઉંમરે મેગેઝીન્સ અને છાપાઓમાં કવિતા લખવાનું શરૂ કરેલ. પાર્કરનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ઈનફ રોપ' ૧૯૨૬ માં પ્રકાશિત થયો હતો અને તે બેસ્ટ સેલર હતો. તેમાંની એક કવિતા છેઃ 'રેજ્યુમ'- ફરીથી શરૂ કરવું. આ કવિતામાં જીવન અતિ દુષ્કર થઇ પડે ત્યારે મરવાનો વિચાર ઘણા કરે છે. આવી મરવાની વાતો કરવાવાળાની ડોરોથી પાર્કર ક્રુર મજાક કરતાં કહે છે : '' કોઇ તિખ્ણ હથિયાર, છરી, ચાકુથી તારા શરીરને જખ્મી કરીશ તો તે તને ખૂબ પીડા કરશે, એના કરતાં તો અત્યારની પીડા સારી છે. નદીના પાણીમાં કુદકો મારવાનો વિચાર કરીશ તે પણ તું વિચારે છે એટલું સહેલું નથી. એસિડ તો જલદ છે તેને શરીર ઉપર નાખવો અઘરો છે. ઊંઘની ટીકડી તો મરવાની કોઇ ગેરંટી નથી આપતી. બંદૂકથી પોતાના જ શરીર ગોળી મારવી સહેલી નથી અને તે માટે કાયદેસરની બંદૂક પણ મળવી મુશ્કેલ છે. ગળે ફાંસો ખાવો પણ મરી જાવ તેની કોઇ ગેરંટી નઇ, અને જો જીવી જાવ તો લકવો પડવાની સો ટકા ગેરંટી. ગેસથી ગૂંગળાઇ મરાય પણ ગેસની વાસ સહન ન કરી શકાય તેવી હોય છે.'' આમ, કવિયત્રી જણાવે છે કે 'મરવા કરતાં જીવવાનું અઘરૂં છે, પણ મરવા જેટલું અઘરું નથી.' મહાન માણસો જીવનમાં કદી હાર માનતા જ નથી અને તેથીજ તો તે મહાન છે. સ્પેનનો જુલિયો જોલે ઇગ્લેસિયાસ એ ફૂટબૉલની રમતમાં ગોલ કિપર હતો. એક અકસ્માતે સારા ખેલાડી બનવાનું તેનું સપનું રોળાઇ ગયું. દોઢ વર્ષ હોસ્પિટલમાં રહેવું પડેલું. તે વખતે તેનો સમય પસાર કરવા નર્સે તેને ગિટાર ભેટમાં આપી. સંગીતમાં તેને કોઇ ગતાગમ નહોતી પણ તેની જાતને તેને આ ક્ષેત્રમાં તૈયાર કરી અને તે દુનિયાનો સૌથી સારો ગાયક બન્યો. તેની ૧૪ ભાષાઓમાં ગાયેલી એક કરોડ રેકોર્ડ વેચાઇ છે. આમ, કોઇ એક ક્ષેત્રમાં અસફળતા મળે તો નિરાશ થઇ ભાંગી પડવાને બદલે બીજા ક્ષેત્ર અને તેમાં મહેનત કરનારને ચોક્કસ સફળતા મળી શકે છે. અત્યારે પરીક્ષાના પરિણામો જાહેર થવાનો સમય છે તે વખતે પરિણામ જે પણ આવે કે આવ્યું હોય તેની ચિંતા કર્યા વગર અગામી સમય માટે મહેનતમાં લાગી જવું જોઇયે. જો મનમાં ખરાબ વિચાર કરીશું તો ખરાબ જ પરિણામ આવશે એ ખબર જ છે તો શું કામ મંગળ કામના ન રાખવી.?

ઉજળો વારસો
સતીષ ચારણ
sscharan_aaa@yahoo.co.in

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧